# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com web :- www.suratdeo.org


જા.ન./પગાર ડેટા/મે-૨૦૨૬/ 5953 - 55 તા.૨૪/૦૪/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જીલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/
સંસ્કૃત પાઠશાળાઓ/IEDSS વિશિષ્ટ શિક્ષક શાળાઓ

વિષય :- માહે મે-૨૦૨૬ પેઈડ ઈન જુન-૨૦૨૬ માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ/IEDSS વિશિષ્ટ શિક્ષક શાળાઓના કર્મચારીઓના માહે:- મે - ૨૦૨૬ પેઈડ ઈન જુન - ૨૦૨૬ નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૨૯/૦૪/૨૦૨૬ | ૩ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૦-૦૦ થી ૦૩-૦૦ સુધી |
| ૨ | ૩૦/૦૪/૨૦૨૬ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૦-૦૦ થી ૦૩-૦૦ સુધી |

(૧) ***નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ. / C.P.F. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં G.P.F. / C.P.F. કપાત બંધ કરવામાં આવશે નહિ તો વ્યાજ સંબંધિત કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.***

(૨) શાળાનાં આચાર્યશ્રીઓને ખાસ જણાવવાનું કે,ગત માસના માહે એપ્રિલ-૨૦૨૬ના પગારબીલ ડેટામાં આપની શાળા માં હાલ ફરજ બજાવતા મહિલા/બહેનો કર્મચારીઓના કિસ્સામાં બેંક ખાતામાં અટક /પિતા/પતિના નામમાં ફેરફાર થયેલ હોય તેવા મહિલા/બહેનો કર્મચારીઓએ અત્રેની કચેરીમાં નામ ફેરફારની દરખાસ્ત(વહેલામાં વહેલી તકે) કરી તેનો નામ ફેરફારનો કચેરી આદેશ મેળવી પગાર ડેટા વખતે રજુ કરવાનો રહેશે જેની નોંધ લેશો.

Scanned with OKEN Scanner

(૩) જે શાળામાં **ફિક્સ પગાર મેળવતાં કર્મચારીઓનું** નામ CPF કપાત કરાવતા કર્મચારીઓની યાદીમાં આવતા હોય તેવા ફિક્સ પગારવાળા કર્મચારીઓને GPF કપાત કરાવતા કર્મચારીઓની યાદીમાં લાવવા માટે ડેટા પત્રક -૧મા **BUDGET HEAD CODE 2202-02-110-053 માં માધ્યમિક વિભાગ માટે CODE/VALUEમાં 02 દર્શાવી રજુ કરવાનું રહેશે, અને 2202-02-110-077 માં ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે CODE/VALUEમાં 03 દર્શાવી રજુ કરવાનું રહેશે.**

(૪) માહે મે-૨૦૨૬નાં પગારડેટા ઉપરોક્ત દર્શાવેલ તારીખે આપવા આવો ત્યારે માહે એપ્રિલ-૨૦૨૬નું પગારબીલની નકલ બતાવવા સાથે અલગથી લાવવાની રહેશે. જેની નોંધ લેશો.

(૫) માહે એપ્રિલ-૨૦૨૬ના પગારડેટામાં આપની શાળામાં હાલ ફરજ બજાવતા કે ફરજ બજાવી ગયેલ કર્મચારીઓના લાભ આજ દિન સુધીમાં બાકી/પડતર છે/નથી તેનું સામેલ નમુના મુજબનું પ્રમાણપત્ર તૈયાર કરી અલગથી આપવાનું રહેશે. જેની નોંધ લેશો.

(૬) પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.

**(૭) શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.**

(૮) શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.

(૮) માહે એપ્રિલ-૨૦૨૬નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઇ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ તેની નોંધ લેશો.

નોંધ :-કર્મચારીનો એમ્પલોય નંબર લખ્યા બાદ ચકાસણી કરી ડેટા રજૂ કરવાના રહેશે અન્યથા ડેટા બાબતે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

હિસાબી અધિકારી
જીલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના : જાણ તથા કેમ્પ અન્વયે જરૂરી વ્યવસ્થા કરવા સારુ.

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત

Scanned with OKEN Scanner

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

## માહે:એપ્રિલ-૨૦૨૬નાં પગારબિલ સાથે કર્મચારીઓને મળવાપાત્ર લાભો અંગેનું પ્રમાણપત્ર

| ક્રમ | કર્મચારી નંબર | કર્મચારીનું નામ | હોદ્દો | જો કોઇપણ પ્રકારનો લાભ લેવાનો બાકી/પડતર છે કે કેમ? ('હા' કે 'ના') જો 'હા' હોઈ તો રિમાર્કસમાં વિગત જણાવવી. | રિમાર્કસ | કર્મચારીની સહી |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળાના ઉક્ત તમામ કર્મચારીએ રૂબરૂમાં માહિતી રજૂ કરેલ છે અને મારી હાજરીમાં સહી કરેલ છે જે બાબતની અમો બાહેંધરી આપીએ છીએ તથા જે કર્મચારીઓના લાભ જે કારણોસર બાકી/પડતર છે તેની વિગત આ સાથે અલગથી અત્રેના શાળાના લેટરપેડમાં રજૂ કરેલ છે. કર્મચારીઓને લાભ આપવાના બાકી/પડતર છે તો તે લાભ આપવાની જવાબદારી મારી છે જેની મને જાણ છે.

આચાર્યશ્રીનાં
સહી/સિક્કા

સ્થળ:-
તારીખ:- /૦૪/૨૦૨૬